# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-07-2026 Day: Wednesday Morning : 6.50 to 7.00 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM–ઇન્ડોનેશિયા સંસદને સંબોધી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાની સંસદને સંબોધિત કરનારા પહેલા ભારતીય પ્રધાનમંત્રી બન્યા છે. જકાર્તામાં ઇન્ડોનેશિયન સાંસદોને સંબોધતા, શ્રી મોદીએ સહિયારા સભ્યતા વારસા, લોકશાહી મૂલ્યો અને ભવિષ્ય માટે એક સામાન્ય દ્રષ્ટિકોણ પર આધારિત દ્વિપક્ષીય સંબંધોમાં નવા યુગની શરૂઆત કરવાની હાકલ કરી. ભારતને "લોકશાહીની માતા" તરીકે વર્ણવતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે નવી દિલ્હી ઇન્ડોનેશિયા સાથે લોકશાહી સંબંધોને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, બંને દેશો સદીઓ જૂના સહિયારા ઇતિહાસ, દરિયાઈ જોડાણો અને સાંસ્કૃતિક આદાનપ્રદાનથી બંધાયેલા કુદરતી અને વિશ્વસનીય ભાગીદારો છે.

-----------------------------------------------------------------------------------

## ગૃહ વિભાગ – નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમ

ગૃહ વિભાગ દ્વારા રાજ્યના સુરક્ષા તંત્રને વધુ મજબૂત બનાવવા અને યુવાનોને રોજગારીની ઉત્કૃષ્ટ તક પૂરી પાડવાના ભાગરૂપે એક મહત્વપૂર્ણ નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમનું મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને આયોજન કરાયું છે. આજે ગાંધીનગરના સેક્ટર-9 સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર તરીકે પસંદગી પામેલા 449 ઉમેદવારો માટેનો 'નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમ' યોજાશે.

મુખ્યમંત્રીના હસ્તે નવનિયુક્ત બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને સત્તાવાર નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે અને તેમને શુભેચ્છાઓ પાઠવશે. આ પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવી વિશેષ રૂપે ઉપસ્થિત રહી ઉમેદવારોનો ઉત્સાહ વધારશે.

-----------------------------------------------------------------------------------

## વરસાદ : રાજય - કચ્છ

રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. સવારે 4 વાગ્યા સુધીમાં રાજ્યના 191 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સુરતના પલસાણામાં 18 ઈંચ, કામરેજમાં 17 ઈંચ, નવસારીમાં 15 ઈંચ, સુરત શહેરમા 13 ઈંચ, વલસાડના

કપરાડામાં 12 ઈંચ, જલાલપોરમાં 11 ઈંચ વરસાદ નોંધાયો છે. અંબિકા, બારડોલી, ડોલવણ, મહુવામાં 8 ઈંચથી લઈ 9 ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. તેના કારણે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 65 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 11 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે. જ્યારે માછીમારોને 11 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

દરમિયાન કચ્છ જિલ્લામાં સાર્વત્રિક વરસાદની રાહ વચ્ચે જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળતી માહિતી મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન ક્યાંય વરસાદ વરસ્યાના વાવડ નથી. જોકે, આંકડાકીય વિગત મુજબ આ સિઝનમાં સૌથી વધુ રાપરમાં 55 મિ.મિ., ગાંધીધામ 22, ભચાઉ 11, અંજાર 7 અને ભુજમાં 1 મિલિમિટર વરસાદ નોંધાયો છે.

----------------------------------------------------------------------------

## વરસાદ – રિવ્યૂ બેઠક

ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય રિવ્યૂ બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં સુરત, નવસારી, વલસાડ, અમરેલી, જુનાગઢ સહિત ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટર, એસપી, ડીડીઓ અને મ્યુનિસિપલ કમિશનરો સાથે વરસાદની વર્તમાન પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓ અંગે ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.  તમામ જિલ્લાના કંટ્રોલ રૂમ 24x7 કાર્યરત રાખવા આદેશ કરાયો હતો. જરૂરિયાત મુજબ NDRF અને SDRFની ટીમો તૈનાત કરવા અને ત્વરિત સ્થળાંતર કરાવવા કડક સૂચના આપવામાં આવી હતી. રોડ-રસ્તા, વીજળી અને સંદેશાવ્યવહારની સ્થિતિ પર સતત મોનિટરિંગ કરવા આદેશ કરાયો હતો.

----------------------------------------------------------------------------

## વરસાદ – આરોગ્ય વિભાગ સમીક્ષા બેઠક

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ ગાંધીનગરમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠકમાં રાજ્યની આરોગ્ય સ્થિતિ અને દવાઓની ઉપલબ્ધતા અંગે માહિતી મેળવી. શ્રી પાનશેરિયાએ કહ્યું, રાજ્યમાં દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. જાહેર આરોગ્ય કેન્દ્ર – PHC, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર – CHC અને 108 એમ્બ્યુલેન્સ આરોગ્ય સેવાઓથી સજ્જ છે. હાલ રાજ્યમાં કોઈ ગંભીર બાબત કે ચિંતાજનક પરિસ્થિતિ ન હોવાનું પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું.

----------------------------------------------------------------------------

## કચ્છ મહિલા વિકાસ સંગઠન – અભ્યાસ વંચિત દીકરીઓને શિક્ષણ

જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણાધિકારી કચેરીના સહયોગથી કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં ચાલતા 45 અખર કેન્દ્રોમાં અભ્યાસથી વંચિત રહી ગયેલી 450 જેટલી દીકરીઓને ફરીથી શિક્ષણના અંતર્ગત ભુજની માતૃછાયા કન્યા મુખ્ય પ્રવાહમાં જોડવાના અભિયાન વિદ્યાલય ખાતે સન્માન અને પ્રેરણા સમારોહ યોજાયો હતો.

કચ્છ મહિલા વિકાસ સંગઠનના સંચાલક કૃતિબેન લહેરુએ છેલ્લા 37 વર્ષથી મહિલા સશક્તિકરણ, શિક્ષણ અને સામાજિક ઉત્થાન માટે સંગઠન દ્વારા કરવામાં આવી રહેલી વિવિધ પ્રવૃત્તિની માહિતી આપી હતી. જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાએ જણાવ્યું કે, દીકરીઓ ભણે, એ સોનેરી ભવિષ્યનું પ્રથમ પગથિયું છે. દીકરીઓને સંપૂર્ણ સમર્પણ સાથે અભ્યાસ ચાલુ રાખી ઉચ્ચ ડિગ્રી મેળવવા આહ્વાન કર્યું હતું.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ઇંગ્લેન્ડની ટીમે ભારતને 125 રનથી હરાવી ત્રીજી ટી 20 મેચ જીતી લઈ શ્રેણીમાં બે વિરુદ્ધ શૂન્યની સરસાઇ મેળવી છે. નોટિંગ હામ ખાતેની મેચમાં ઇંગ્લેન્ડના 7 વિકેટે 201 રનના લક્ષ્યાંક સામે ભારતની ટીમ 76 રનમાં આઉટ થઈ ગઈ હતી.

---------------------------------------------------------------------------------